# ધીમી મકકમ ધારે સારો વરસાદ થતાં ધરતીપુત્રો ગેલમાં

## ચિલોડા પંથકમાં ખેડૂતોએ ડાંગરનું વાવેતર પૂરજોશમાં ચાલુ કર્યું : સારા વરસાદે ફરી 'અચ્છે દિન'ની આશાઓ જન્માવી



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ચિલોડા, તા. ૨૪

અત્ર...તત્ર...સર્વત્ર... મેઘરાજાની કૃપા થતાં સમગ્ર ગાંધીનગર જિલ્લામાં ચોમેર ખુશીનું વાતાવરણ ફેલાઈ જવા પામ્યું છે. ચિલોડા પંથકમાં પણ ધીમી ધારે ખેતી માટે ઉત્તમ વરસાદ થતાં ખેડૂતો ગેલમાં આવી ગયા છે. સારા વરસાદના પગલે આ પંથકમાં ડાંગરની વાવણી શરૂ કરી દેવાઈ છે.

હમણાં સુધી વરસાદની ખેંચ હોવાથી ચિલોડા અને આસપાસના વિસ્તારોમાં ચોમાસુ પાક માટે આ વર્ષે વાવેતરમાં પરિવર્તન આવ્યું હોય તેમ જણાતું હતું. વધુ પિયત માંગતા પાકો જેવા કે કપાસ અને ડાંગરનું વાવેતર ખૂબ જ ઓછુ થયું હતું અને ભીંડાના પાકમાં પણ ગરમીના કારણે રોગચાળો ફેલાયો હતો. આ કારણે ખેડૂતોએ શાકભાજી સાથે દેશી ગવાર અને જુવારનું વાવેતર કરવાનું મુનાસીબ માની રહ્યા હતા. વળી આ કારણે આ બિયારણોના બજારમાં ભાવ ખૂબ વધી જવા પામ્યા હતા પરંતુ છેલ્લા બે દિવસથી થયેલા સારા વરસાદે પરિસ્થિતિ બદલી નાંખી છે.

સતત ધીમી ધારે થતાં વરસાદે ખેડૂતોને ખુશખુશાલ કરી દીધા છે. સારા વરસાદના પગલે ગાંધીનગર તાલુકાના પૂર્વીય પટ્ટામાં ખેડૂતોએ ડાંગરનું વાવેતર ચાલુ કરી દીધું છે. આ પંથકમાં ડાંગરના વાવેતરનું કામ પૂર જોશમાં ચાલી રહ્યું છે. જો આવનારા દિવસોમાં પણ આવો સારો વરસાદ રહેશે તો દુષ્કાળનો ભય તો ટળી જ ગયો છે. પરંતુ સતત ૧૨મા વર્ષે વરસાદ સારો થવાનો વિક્રમ થશે અને સમગ્ર તાલુકામાં વર્ષ સારું જવાની ખેડૂતોને આશા બંધાઈ છે તે પરિપૂર્ણ થશે.

# ટ્રક અને કાર વચ્ચે અકસ્માત બાદ આગ ભભૂકી ઉઠતા બે વ્યક્તિ ભડથું

## છત્રાલ બિલેશ્વરપુરા હાઈવે પર મોડી રાતે બનેલી ઘટના : અકસ્માત બાદ ઇશર ટ્રકની ઓઇલ ટેન્ક ફાટી હતી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જીલ્લાના કલોલ તાલુકા ખાતે સ્થિત છત્રાલ-બિલેશ્વરપુરા હાઈવે પર ગઈ મોડી રાતે આઈશર ટ્રક અને સ્વીફ્ટ કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં આઈશર ટ્રકની ઓઈલ ટેન્ક ફાટતા બંને અકસ્માતગ્રસ્ત વાહનોમાં આગ ભભૂકી ઉઠી હતી અને પળવારમાં જ સ્વીફ્ટ ગાડીમાં સવાર બે વ્યક્તિઓ આગમાં ભસ્મીભૂત થઈ ગયા હતા. આ બનાવ અંગે ફરાર થઈ ગયેલા આઈશર ટ્રકના ચાલક સામે પોલીસે ગુનો દાખલ કરીને તેની શોધખોળ શરુ કરી છે.

બનાસકાંઠાના કાંકરેજ તાલુકાના વડા વિસ્તારમાં રહેતા વિક્રમસિંહ વકતસિંહ વાઘેલા અને તે જ વિસ્તારના શિહોરી ગામમાં રહેતા ગોવિંદસિંહ નવુભા ઝાલા બંને ગત મોડી રાત્રે સ્વીફ્ટ ગાડીમાં કલોલ પાસે બિલેશ્વરપુરા હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમની સ્વીફ્ટ ગાડીને બેફામ ગતિએ આવી રહેલા આઈશર ટ્રક નં. જીજે ૭ એક્સ ૪૧૨૧ ના ચાલકે જબરદસ્ત ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ટ્રકની ઓઈલ ટેન્ક ફાટી જતા ઓઈલ લીકેજ થવા લાગ્યું હતું અને સ્પાર્ક થતા જ આગે વિકરાળ સ્વરૂપ લઇ લીધું હતું. ટ્રક અને કાર બંને આગની લપેટમાં આવી જતા કારમાં સવાર કાંકરેજ વિસ્તારના બંને યુવાનો સળગીને કારમાં જ ભડથું થઇ ગયા હતા. પોલીસે આગમાં ભડથું થઇ ગયેલા બંને યુવાનોના મૃતદેહ પી.એમ કરાવી ફરાર થઇ ગયેલા ટ્રક ચાલક સામે ગુનો નોંધી તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.



## સિ.સિ.કા.ની બેઠકમાં તેજસ્વી બાળકોનું સન્માન કરવામાં આવશે

સિનિયર સિટીજન કાઉન્સિલની માસિક સભા તા. ૩૧ જુલાઈના રોજ સાંજે ૫-૦૦ વાગે સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજવાડી સેકટર-૭ ખાતે યોજાશે. તેમજ આ કાર્યક્રમમાં કાઉન્સિલના સભ્યોના પૌત્ર-પૌત્રી, દોહિત્ર-દોહિત્રી એ માર્ચ ૧૪માં બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ-૧૦-૧૨, વિજ્ઞાન પ્રવાહમાં ૭૫ ટકાથી વધુ ગુણ મેળવેલ વિદ્યાર્થીઓનું પણ સન્માન કરવામાં આવશે. સિસિકાના સભ્યએ તેમજ પરિવારજનોએ નિયત સમય પહેલા ઉપસ્થિત રહી સ્થાન મેળવી લેવા મહેન્દ્રભાઈ શાહે જણાવ્યું છે.

# સિનિયર સિટીજનો માટે ટાઉનહોલમાં 'આયા સાવન ઝુમકે' કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

વર્ષાઋતુની મેઘ સવારી શહેરમાંઆવી ગઈ છે. ગાંધીનગર મહાનગર પાલિકાના સહયોગથી બીગ શોટ ઈવેન્ટસ મેનેજમેન્ટ દ્વારા 'આયા સાવન ઝુમકે' કાર્યક્રમ યોજવામાં આવશે.

નગરમાં સૌ પ્રથમ વખત મહાનગર પાલિકાના સહયોગથી અને બીગ શોટ ઈવેન્ટસ મેનેજમેન્ટ દ્વારા તા. ૨૬, જુલાઈ શનિવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે ટાઉનહોલમાં આયા સાવન ઝુમકે કાર્યક્રમ યોજાશે. ફકત સિનિયર સિટીઝન માટે યોજાનાર કાર્યક્રમમાં વરસાદ ઉપર ફિલ્માવવામાં આવેલા ગીતો રજૂ થશે. જાણીતા ગાયિકા ડૉ. ફાલ્ગુની અને સાથી કલાકારો ગીતો રજુ કરશે. નગરમાં વસતા સિનિયર સિટીજનોને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા બીગ શોટ ઈવેન્ટસ મેનેજમેન્ટના સંજય તન્નાએ જણાવ્યું છે. તેમજ વધુ વિગત માટે ૯૮૭૯૫ ૫૨૦૯૫ પર સંપર્ક કરવો.

# ભગવાન સ્વામિનારાયણ ભવ્ય કલાત્મક હિંડોળે ઝુલી રહ્યા છે

## હિંડોળા ઉત્સવ હરિભક્તોને પ્રભુની નિકટત્તમ આવવાની સુખદ તક આપે છે : ફૂલો, સુકો મેવો, ફળો, રાખડીઓ જેવી અનેક વસ્તુઓના સુંદર કલાત્મક હિંડોળાનું આયોજન



ગાંધીનગર, તા. ૨૪

હાલ અષાઢ મહિનો ચાલી રહ્યો હોવાથી મંદિરોમાં ભગવાન હિંડોળે ઝુલી રહ્યા છે. સ્વામિનારાયણ ગાદીના આચાર્ય પુરુષોત્તમ પ્રિયદાસજીની પ્રેરણાથી હાલ અમદાવાદના મણીનગર ખાતે આવેલ સ્વામિનારાયણ મંદિરમાં વિવિધ કલાત્મક હિંડોળા યોજાઈ રહ્યા છે.

ખૂબ જ ભવ્ય કલાત્મક દર્શન કરાવતા આ હિંડોળામાં સ્વામિનારાયણ ભગવાન તેમજ અબજીબાપા અને મુક્તજીવન સ્વામિબાપા પ્રેમે ઝુલી રહ્યા છે. સ્વામિનારાયણ સંપ્રદાયના સંતવૃંદ તેમજ હરિભક્તો દ્વારા આ હિંડોળાના દર્શન સમયે અભિષેક પણ કરવામાં આવી રહ્યો છે. આ સમયે હરિભક્તોની દર્શનાર્થે હકડેઠઠ ભીડ જોવા મળી રહી છે. જેમાં અબાલવૃદ્ધ સૌ કોઈ દર્શનનો લ્હાવો લઈ અભિષેક કરી રહ્યા છે.

હિંડોળા મહોત્સવ એ ભગવાનના ભક્તો માટે પ્રભુ સામીપ્યનો સર્વોત્તમ લ્હાવો ગણાય છે, તેમજ આ પર્વ દરમ્યાન ભક્તો તેમના પ્રિય પ્રભુની વધુ નિકટતમ આવવાની સુખદ તક પ્રાપ્ત કરે છે, તેમજ પોતાના હાથે પ્રભુને હિંડોળે ઝુલાવે છે. માટે આ એક હર્ષોલ્લાસનો ઉત્સવ ગણાય છે.

આ હિંડોળા પર્વમાં વિવિધ કલાત્મક હિંડોળા તૈયાર કરવામાં આવે છે. જેમાં ફુલો, સુકા મેવો, ફળફળાદિ, અગરબત્તી, રાખડીઓ, મીણબત્તી, પેંડા, મગજ અને અન્ય વસ્તુઓથી સુંદર રીતે શણગારવામાં આવી રહ્યા છે. આ માટે અવનવી ડીઝાઈનો પણ ઉપીયોગમાં લેવાઈ રહી છે. એક એવી પણ વાયકા છે કે પૂર્વાશ્રમમાં લાલજી સુથાર નામના એક શિલ્પીએ તેના સન્યાસકાળમાં નિષ્કુળાનંદ સ્વામી તરીકે પ્રભુની સેવામાં લીન હતા ત્યારે તેમણે ભગવાન માટે બાર દરવાજાવાળો અદ્ભૂત હિંડોળો તૈયાર કર્યો હતો. આ હિંડોળાને આંબાની ડાળે રેશમની દોરી વડે બાંધી ઝુલાવ્યો હતો. જેમાં શ્રીજી મહારાજે હરિભક્તોને એક સાથે બાર સ્વરૂપે દર્શન આપ્યા હતા.

# 'એક દૂજે કે લિયે' કાર્યક્રમમાં જેસીઆઈ કપલનું મધુરૂ ગાન 'સજના સાથ નિભાના'




ગાંધીનગર, તા. ૨૪

યંગ જનરેશનનો હળવી મસ્તી-નાચ-ગાન સાથે જીંદગી જીવવાની કળા શિખડાવવાની એક મસ્ત ટ્રેનીંગનો કાર્યક્રમ જેસીઆઈ ગાંધીનગરના આંગણે યોજાઈ ગયો. કપલ એકબીજામાં રહેલાં ગુણોને પહેચાને અને એમાંથી મધુરી જીંદગી જીવે એ માટે ઈન્ટરનેશનલ લાઈફ સ્કિલ ટ્રેઈનર આય.પી.ઝેડ.પી. જુગલ કિશોર છાવચરિયા અને સહ ટ્રેઈનર હરેશ અગ્રવાલ-સુધા અગ્રવાલ અને દર્શન મહેતા ખાસ પધાર્યા હતા.

મજાક-મસ્તી સાથે જીંદગી જીવવાની-જીતવાની અને લાઈફ પાર્ટનરને રાજી રાખવાની કલાની ટ્રેનિંગ ગાંધીનગરના થનગનતાં કપલને મ્યુઝીક-ડાન્સ-રોમાંસ અને ફની ગેમ સાથે એકબીજાનાં સારાં ગુણ શોધવાની ટીપ્સ પ્રેક્ટીકલી આપી હતી. આ કાર્યક્રમમાં અંકિત-સપના, સાત્વિક-મિતાલી, નિકુંજ-લતા, કેતન-ફાલ્ગુનીની જોડીએ રંગ રાખ્યો હતો. ગાંધીનગર જેસીઆઈ પ્રમુખ સાત્વિક ત્રિવેદીએ મસ્ત કવિતા પત્ની માટે ગાઈ હતી.

અગર પત્ની ન મિલતી તો કભી યકીન નહી હોતા કી... અજનબી લોગ ભી અપનોં સે જ્યાદા પ્યારે હો સકતે હૈ... લોગ કહેતે હૈ... 'હાથોં કી લકીરે અધુરી હો તો કિસ્મત મેં પત્ની નહી હોતી' લેકીન મેં કહેતા હું કી... હાથોમેં પત્નીકા હાથ હો તો લકીરોકી ભી જરૂરત નહી હોતી...' આ કવિતાને સૌએ જોરદાર તાળીઓથી વધાવી હતી.

જેસીઆઈ મંત્રી કેતન ભાવસારે એના રમુજી સ્વભાવમાં ઉપસ્થિત કપલોને મનોરંજન આપ્યું હતું. 'એક દૂજે કે લિયે' કાર્યક્રમમાં જેસીઆઈ કપલે એકબીજાને ઓળખવાની સાથોસાથ 'સજના સાથ નિભાના'નું મધુરા ગાન સાથે સફળ જીંદગી જીવવાનાં પાઠ શિખ્યા.

# ગાંધીનગર તાલુકાના ખેડૂત મિત્રો માટે ખાસ અગત્યની સૂચના

ગાંધીનગર, તા. ૨૪

સરકારશ્રીના મહેસુલ વિભાગના જાહેરનામા ક્રમાંક : જી.એચ.એન/૨૦૧૩/૧૫૬/ જી.એન.ટી/૨૭૯૮/એમ.એલ.ટી./ ૧૦/ઝ, તા. ૫-૧૨-૧૩ થી મુંબઈ ગણોતવહીવટ અને ખેતીની જમીન અધિનિયમ - ૧૯૪૮ની કલમ-૩૨ એમની પેટા કલમ-૫ (બી) માં કરેલ સુધારા અન્વયે ખરીદકિંમત ભરવાની મુદત તા. ૩૧-૮-૨૦૧૪ સુધી લંબાવવામાં આવેલ છે. ખરીદ કિંમત ભરપાઈ કરવાની બાકીમાં હોય તેવા તમામ કેસમાં કાયદાની જોગવાઈઓને ધ્યાને લઈ, ખરીદ કિંમત સ્વિકારવા અને તેના સંદર્ભમાં ઘટતી કાર્યવાહી ઝુંબેશ સ્વરૂપે હાથ ધરી સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવાની હોઈ જે ગણોતિયાઓને ખરીદ કિંમત નક્કી કરી ગણોતધારા હેઠળ જમીન અપાયેલ હોય તેવા ગણોતિયા નિયત સમયમર્યાદામાં ખરીદકિંમત ભરપાઈ કરવાનું ચુકી ગયા હોય તેવા ગણોતિયાઓ માટે તા. ૩૧-૮-૨૦૧૪ સુધી વ્યાજ સહિતની ખરીદકિંમત ભરપાઈ કરવાની મુદત લંબાવવામાં આવેલ છે. જેના અનુસંધાને ગાંધીનગર તાલુકામાં ખરીદકિંમત ભરપાઈ કરવાની બાકી હોય તેવા બાકીદારોએ ખરીદકિંમત ભરવાની કાર્યવાહી ઝુંબેશ સ્વરૂપે હાથ ધરેલ હોઈ બાકી ખરીદકિંમત તથા વ્યાજની રકમ મામલતદાર અને કૃષિપંચશ્રીની કચેરી, ગાંધીનગર ખાતે આવી ભરપાઈ કરી જવા સૂચના આપવામાં આવે છે. સરકારશ્રી દ્વારા અપાયેલ સમયમર્યાદા બાદ બાકીદારની કોઈ અરજી ધ્યાને લેવામાં આવશે નહિ.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૮
સૂર્યાસ્ત : ૭.૨૩

## તાપમાન

મહત્તમ : ૨૬.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૧૦૦ ટકા ● સાંજે ૧૦૦ ટકા
વરસાદ : ૫૨ મી.મી.

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
કીક : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
કીક : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
કીક : ૧૦.૦૦
હંપટી શર્મા કી દુલ્હનીયા : ૩.૩૦

સ્ક્રીન-૪ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૪.૦૦
હેટ સ્ટોરી-૨ : ૧૦.૦૦, ૧.૦૦, ૧૦.૦૦
અલ્લુડુ સીનુ (તેલુગુ) : ૭.૦૦

: સ્ક્રીન-૫ :
કીક :૧૦.૦૦
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૨.૪૫
હેટ સ્ટોરી-૨ : ૭.૦૦

: સ્ક્રીન-૬ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૪.૦૦
હેટ સ્ટોરી-૨ : ૭.૦૦
કીક :૧૦.૦૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
કીક : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
કીક : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૩ :
હેટ સ્ટોરી - ૨ : ૯.૩૦
કીક : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ધાર્મિક કાર્યક્રમ

- અષાઢ વદ ચૌદસ, તા. ૨૫-૭-૨૦૧૪, શુક્રવારના રોજ લીલા મેવાનાં હિંડોળા, શ્રીજી શ્રીગોવર્ધનનાથજીની હવેલી, સેક્ટર-૨૧, ગાંધીનગર.

## આપની આજ

**મેષ** : પારિવારિક જીવન સંતોષપ્રદ રહેશે. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે. દરેક ક્ષેત્રમાં સન્માન પ્રાપ્ત થશે.

**વૃષભ** : તમારા કાર્યની વૃત્તિ વ્યવહારિક હોવાની સાથે સાથે માનસિક શ્રમ-પ્રધાન હોવી જોઈએ. ઉત્સાહ અને પ્રયાસ તમને સફળતા પ્રદાન કરી શકશે.

**મિથુન** : પારિવારિક વાતાવરણ સહયોગાત્મક રહેશે. કાર્યક્ષમતા વધશે. જવાબદારીઓ વધશે, જેની પૂર્તિ કરવી પડશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

**સિંહ** : યશ, ઉત્સાહ વધશે. પ્રયાસ સાર્થક થશે. ધાર્મિક કાર્યોમાં રૂચી વધશે. શુભ સમાચાર પ્રાપ્ત થશે. સંતાનના વ્યવહારથી સમાજમાં તમારી પ્રતિષ્ઠામાં કમી આવી શકે છે.

**કન્યા** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ. કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યાપારમાં હાનિ થવાની સંભાવના છે. કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું . ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે.

**તુલા** : વ્યાપારમાં લાભની સ્થિતિ બનશે. સ્ત્રી પક્ષથી કાર્યોમાં સહયો પ્રાપ્ત થશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે.

**વૃશ્ચિક** : સહયોગી અને ભાઈઓના વ્યાપારમાં વૃદ્ધિ થશે. ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

**મકર** : કોઈ વિશિષ્ટજનની સલાહ તમારી સ્થિતિમાં લાભકારી પરિવર્તન કરશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે.

**કુંભ** : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : ઉદાર મનથી પરાક્રમ કરો, સંબંધીઓને કારણે તમારી કીર્તિ વધશે.કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. કનૈયાલાલ કુબેરદાસ રાવલ (ઉ.વ.૬૬) મુ.પો. છાલા, તા.જી. ગાંધીનગર
- સ્વ. લક્ષ્મીબેન નાનુભાઇ શર્મા (ઉ.વ.૫૮) પ્લોટ નં. ૪૦૦, જાનકી એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૯, ગાંધીનગર
- સ્વ. સેંધાજી કાળાજી ઠાકોર (ઉ.વ.૮૫) મુ. ઉવારસદ, તા.જી. ગાંધીનગર
- સ્વ. ચંચળબેન મણીબેન પટેલ (ઉ.વ. ૭૦) મુ. વાસણા ચૌધરી, તા.દહેગામ, જી. ગાંધીનગર
- સ્વ. કમલેશભાઇ હરિપ્રસાદ દવે (ઉ.વ.૫૫) પ્લોટ નં. ૨૬૦/૧, ધરતી એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
- સ્વ. પ્રજ્ઞાબેન સુધીરકુમાર જાની (ઉ.વ. ૫૨) જી-૨, વિજય એપાર્ટમેન્ટ, વાવોલ, તા.જી. ગાંધીનગર